

મહેસાણા-અમદાવાદ હાઈવે ઉપર નંદાસણ ખાતે રૂ. ૫૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજનું લોકાર્પણ રાજ્યના નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલે કર્યુ હતુ તે પ્રસંગની તસ્વીરમાં ધારાસભ્ય કરશનભાઈ સોલંકી, કડી માર્કેટયાર્ડના ચેરમેન વિનોદભાઈ પટેલ, મહેસાણા જિલ્લા ભાજપના અગ્રણી જશુભાઈ પટેલ નજરે પડે છે.

# પરબડાના ઉપસરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરાઈ

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર નજીક આવેલ પરબડા ગ્રામ પંચાયતના ઉપસરપંચ દ્વારા વિકાસ કામોમાં છેલ્લા ઘણા વખતથી અડચણ ઉભી કરાતી હોવાને કારણે તથા ઉપસરપંચની કામગીરી વિશ્વસનીય ન હોવાના દસ સભ્યોએ આક્ષેપ કરીને ગુરૂવારે તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરવા માટેની જાણ તલાટી અને તાલુકા વિકાસ અધિકારીને કરીને તે માટે સત્વરે સામાન્ય સભા બોલાવવાની તાકીદ કરી છે.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પરબડા ગ્રામ પંચાયતના ઉપ સરપંચ તરીકે ફરજ બજાવતા બલોચ અબ્દુલરહેમાન ગુ. રસુલ દ્વારા છેલ્લા ઘણા સમયથી ગામના વિકાસકામોમાં અડચણ ઉભી કરીનો વિકાસકામો ખોરંભે પાડવાના પ્રયાસ કરાતા હતા તથા ઉપસરપંચની કામગીરી વિશ્વસનીય ન હોવાના આક્ષેપ સાથે પરબડા ગ્રામ પંચાયતના ચૂંટાયેલા ૧૨ સભ્યો પૈકી દસ સભ્યોએ બેઠક કરીને ઉપસરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવવાનું નક્કી કર્યુ હતુ.

ત્યારબાદ પરબડા પંચાયતના સભ્ય તીરગર કમળાબેન, મકવાણા સુભદ્રાબેન, ખણુસીયા મહેરૂનીશા, પરમાર લક્ષ્મીબેન, વિજાપુરા હીફજુર રહેમાન, મનસુરી લીયાકતભાઈ, જાદવ રેખાબેન, જાદવ ભરતકુમાર, વાઘેલા મનુભાઈ તથા નિનામા કલ્પેશકુમારે સભ્યના હોદ્દાની રૂએ ગુરૂવારે ઉપસરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત તૈયાર કરીને પરબડા પંચાયતના તલાટી તથા હિંમતનગર તાલુકાના વિકાસ અધિકારીને લેખિતમાં મોકલીને સત્વરે સામાન્ય સભા બોલાવવાની માંગ કરી છે.



## ખેડબ્રહ્મા શહેરમાં મેઘાની મહેર

ખેડબ્રહ્મા શહેરમાં આકરી ગરમી બાદ શુક્રવારે વરસાદ આવતા ગરમીથી ઘડીભર રાહત મળી હતી અને ખેડુતો એ રાહતનો શ્વાસ લીધો . જોકે, ખેંચ હોવાથી ધોધમાર વરસાદ નહી પડતા ખેડુતો અને નાગરીકોને મેહુલિયાએ હાથતાળી આપી છે. ચોમાસું શરૂ થયાને એક મહિનાથી પણ વધુ સમય વિતી ગયા છતાં પંથકમાં અપુરતો વરસાદ ચિંતાજનક બન્યાં હતા ઘડીભરના વરસાદને પગલે વાવેતર વિસ્તારની જમીન ભીની થઈ છે. ખેડબ્રહ્મા પંથકમાં ખેડુતોએ વાવણી કરી દીધા બાદ છેલ્લા ૨૦ દીવસથી વરસાદ ન આવતા મુંઝવણ વધી રહી છે. જોકે શુક્રવારે અચાનક બપોર બાદ વાતાવરણ પલટાતા વરસાદનું આગમન થયુ હતુ. ખેડબ્રહ્મા શહેર સહિતના વિસ્તારોમાં ભારે ગરમી વચ્ચે મેઘમહેર જોવા મળી હતી. આ દરમ્યાન ઉકળાટને પગલે વરસાદમાં નાના બાળકો ન્હાવા માટે ઝુમી ઉઠયા હતા.

# વિજયનગર મામલતદાર કચેરીમાં મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૧૯

વરસાદ ખેંચાતાં ખેડુતો ચિંતાતુર છે. વિધાનસભામાં ધારાસભ્યોનું બહુમતથી પગાર બીલ પાસ કરાયું છે. ખેડુતોનું દેવા માફી બીલ વિધાનસભામાં નામંજુર કરાયું છે. ખેડુતો ખેતી છોડવા માટે મજબુર થઈ રહ્યા છે. ગરીબ દેવાદાર ખેડુતોની આર્થિક કમર તુટતી જાય છે. ખડુતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મોંઘવારીના જમાનામાં મળતા નથી ? ખેતી વિષયક ચીજવસ્તુઓના ભાવમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. ખેડુતો દેવાના બોજ તળે ડુબતા જાય છે. વિધાનસભામાં કરોડપતી ધારાસભ્યોએ પોતાના પગાર વધારવા માટે બહુમતીથી બીલ પાસ કર્યું છે.



વિજયનગર મામલતદાર કચેરીમાં ખેડુતોનું દેવા માફીનું બીલ મંજુર કરવા સંદર્ભે મામલતદારને ખેડુતો ધ્વારા આવેદનપત્ર અપાયું હતું. એક તરફ વરસાદ ખેંચાયો છે. સિંચાઈ અને પીવાના પાણીની ગંભીર સમસ્યા હાલના તબક્કે હોઈ પરંતુ આગામી સમય દરમ્યાન વિકટ પરિસ્થિતી સર્જાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ખેડુતોના મોંઘાદાટ બિયારણો નિષ્ફળ જશે તેવી ભિતિ સેવાઈ રહી છે. ખેડુતોની આર્થિક કમર દિન-પ્રતિ-દિન તુટતી જાય છે. ખેડુતોનું દેવા માફીનું બીલ મંજુર કરવા સંદર્ભે કિસાન ક્રાંતિ ટ્રસ્ટના હોદ્દેદારો,કાર્યકરો અને જાગૃત ખેડુતો ધ્વારા મામલતદાર પી. જી. ચૌહાણને આવેદનપત્ર અપાયું હતું.

કિસાન ક્રાંતિ ટ્રસ્ટ, પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ પ્રણયકુમાર પટેલ, સહમંત્રી વિપુલકુમાર પટેલ સહિત જાગૃત આગેવાન ખેડુતોએ જણાવ્યું હતું કે એક તરફ વરસાદ ખેંચાયો છે. ખેડુતોની પરિસ્થિતી હાલના તબક્કે એકદંરે દયનીય છે.

વિધાનસભાના સત્રમાં ધારાસભ્યોના પગાર વધારાનું બીલ પસાર કરાયું હોઈ પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ખેડુતોનું દેવા માફીનું બીલ કેમ મંજુર કરાતુ નથી જો ખેડુતોનું દેવા માફીનું બીલ મંજુર ન થઈ શકતું હોય તો ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજીનામુ આપી દેવું જોઈએ તેવી માંગણી છે.

ધારાસભ્યોના પગાર વધારાના બીલ તાત્કાલીક ધોરણે મંજુર થઈ શકતા હોય તો ખેડુતોના દેવા નાબુદીના બીલ કેમ મંજુર કરવામાં આવતા નથી ? ગુજરાત રાજ્યના હજ્જારો ગામડાઓના હજ્જારો ખેડુતો ખેતી છોડી દે તેવી પરિસ્થિતીનું નિર્માણ થઈ રહ્યું છે. ખેડુતોની માંગણીઓ સત્વરે સંતોષવામાં નહી આવે તો આગામી ચુંટણીઓ દરમ્યાન ખેડુતોના પરીવારો નોટામાં મત આપશે તેવી આક્રમક ચિમકી ઉચ્ચારી હતી.




વિસ્તારકો માટેની કાર્યશાળા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે હિંમતનગર શહેર અને તાલુકા ની યોજાઈ આ બેઠકમાં પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષશ્રી અને સંગઠન પર્વ ઈન્ચાર્જ ભાર્ગવભાઈ ભટ્ટ, ઉત્તર ઝોન સંગઠન ઈન્ચાર્જ અશોક ભાઈ ચૌધરી અને ઉત્તર ઝોન વિસ્તારક યોજના ઈન્ચાર્જ નરેન્દ્ર પટેલ હાજર રહ્યા. મોટી સંખ્યામાં વિસ્તારોકો પદાધિકારીઓ હાજર રહ્યા, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી પટેલ સંગઠન પર્વ ઈન્ચાર્જ વિજય પંડ્યા, મહામંત્રી શ્રી ઓ તખતસિંહ, અશોકભાઈ જોષી, અને હિતેશભાઈ પટેલ પણ હાજર રહ્યા અને ભાર્ગવભાઈ ભટ્ટ એ વિસ્તારકો ને ખુબ જ સરસ માર્ગદર્શન આપ્યું.

# તેજપુરા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત થતા એકનુ મોત

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર-ઈડર રોડ પર આવેલ તેજપુરાની સીમમાંથી ૧૯ દિવસ અગાઉ બે બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં એક ઈજાગ્રસ્ત બાઈકચાલકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે કાણીયોલ ગામના ગૌરાંગકુમાર નારાયણભાઈ વણકરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૩૦ જુનના રોજ બાઈક નં. જીજે.૩૧.સી.૮૯૧૯ના ચાલક તેજપુરાની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે ગફલતભરી રીતે બાઈક હંકારી રોડ ક્રોસ કરતા બાઈક નં. જીજે૯.સીયુ.૩૧૭૦ બેઠેલા નારાયણભાઈ ધુળાભાઈ વણકરને ટક્કર મારતા નારાયણભાઈ તથા તેમની પાછળ બેઠેલા વાલીબેનને ગંભીર ઈજા થઈ હતી. જેથી બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં નારાયણભાઈ વણકરનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ. જેથી મૃતકના પુત્ર ગૌરાંગભાઈ વણકરે બાઈક નં. જીજે.૩૧.સી.૮૯૧૯ વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# સૂર્યા ફાઉન્ડેશન દ્વારા કુસ્કી ગામમાં પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણનું મહાઅભિયાન

સૂર્યા ફાઉન્ડેશન એક સામાજિક સંસ્થા છે તેના દ્વારા સંચાલિત આદર્શ ગ્રામ યોજના અંતર્ગત દેશભરના ૧૮ રાજ્યમાં ૧ કરોડ વૃક્ષો વાવવાનું મહાઅભિયાન દિલ્હી ખાતે દક્ષતા શિબિરમાં હાથ ધરવામાં આવ્યું. જેમાં



ગુજરાત રાજ્યમાં ૨ લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ લીધો છે. સુર્યા ફાઉન્ડેશન અન્ય સંસ્થાઓ તેમજ વિવિધ ગામોમાં સેવાભાવીઓની સમિતિનું ગઠન કરી વૃક્ષારોપણનો મહાઅભિયાન પુરો કરશે. સુર્યા આદર્શ ગ્રામ યોજના ગુજરાત ક્ષેત્રના પ્રમુખ મહિપતભાઈ સુથારને નિયુક્ત કરવામાં આવ્યા છે અને વૃક્ષારોપણ અભિયાન ગુજરાતની જવાબદારી આપવામાં આવી છે. પ્રધાનમંત્રીનું ગ્રીન ભારતનું સપનું સાકાર કરવા સુર્યા ફાઉન્ડેશન દર વર્ષે વૃક્ષારોપણનુ આયોજન કરે છે.



## ચિલોડા રામજી મંદિર ખાતે વરૂણદેવને રીઝવવા રામધૂન કરાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત રામજી મંદિર ખાતે રામ ભજન મંડળ, કૃષ્ણ મહિલા ભજન મંડળ તથા જનક મહિલા ભજન મંડળ તેમજ સમસ્ત ગ્રામજનો દ્વારા વરસાદમાં વિલંબ થતા વરૂણદેવને રીઝવવા અમુક વિસ્તારમાં પર્જન્ય યજ્ઞ તથા મેઘરાજાની ઉજાણી તથા રામધૂનના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે ચિલોડા ખાતે ગ્રામજનો દ્વારા ઝડપી મેઘરાજાની પધરામણી અને સારા પ્રમાણમાં વરસાદનું આગમન થાય અને સુકાતા મોલને વરસાદથી જીવતદાન મળે તેમજ લોકોની સુખાકારી અને ખેડૂતોના હૈયે શાંતિ થાય તેવી પ્રાર્થના સાથે સતત ૨૪ કલાકની રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ રામધૂન કાર્યક્રમમાં ગ્રામજનો દ્વારા યથાશક્તિ પ્રમાણે પશુચણ માટેના દાણા અર્પણ કરી પુણ્યભાથુ કમાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.

## રાજયશસૂરીશ્વરજી મહારાજનો કેન્દ્રને અનુરોધ

# માંસ નિકાસને મર્યાદિત કરવા માટે કેન્દ્ર સક્રિય વિચારણા કરે

## હવે રાજયશસૂરીશ્વર મહારાજનાં ૭૫મા વર્ષમાં પ્રવેશની અહિંસા અમૃત વર્ષ તરીકે ઉજવણી : ગુજરાતમાં કાર્યક્રમ

અમદાવાદ, તા.૧૯

દેશમાં જીડીપીના ઉંચા દરના કારણે વિકાસ કે દેશના નાગરિકો સુખી હોય એ વાતમાં કોઈ દમ નથી. સાચુ સુખી નીતિમત્તા, સંસ્કૃતિ અને સિધ્ધાંતોને આધીન હોય છે. મોદી સરકાર શા માટે માંસાહાર અને માંસની નિકાસને પ્રોત્સાહિત કરી રહી છે, તે સમજાતું નથી. એકબાજુ, સમગ્ર જૈન સમાજ, સાધુ-સંતો અને હિન્દુ સંપ્રદાય માસાંહારનો ત્યાગ કરી સમાજમાં અહિંસા પ્રસ્થાપિત કરવા અથાગ પ્રયાસો કરી રહ્યા છે ત્યારે મોદી સરકારે પણ માંસની નિકાસને મર્યાદિત કરવાની દિશામાં યોગ્ય વિચાર કરવો જોઈએ એમ જૈન ધર્મનાં અગ્રગણ્ય આચાર્યોમાં આગવું સ્થાન ધરાવતા પૂ. જૈનાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબે જણાવ્યું હતું. તેમણે દેશ અને દુનિયામાંથી આંતકવાદનો નાથવા અને ઈન્ટરનેશનલ વેજીટીરીયન કોમ્યુનીટી માટે અસરકારક પગલાં ભરવા પણ અનુરોધ કર્યો હતો. ગુજરાત સહિત દેશભરમાં ઈન્ટરનેશનલ વેજીટીરીયન કોમ્યુનીટી બનાવવાની ઝુંબેશ શરૂ કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યુ હતું. પૂ.જૈનાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજીનાં ૭૫ વર્ષમાં મંગલ પ્રવેશને અહિંસા અમૃત વર્ષ તરીકે ઉજવવાનું આયોજન ભક્ત સમુદાયે કર્યું છે.

જેનાં સંદર્ભમાં તા. ૨૧ જુલાઈ, ૨૦૧૯નાં રોજ ભક્ત સમુદાય અને શુભેચ્છકોનું સંમેલન જોધપુર ગામસ્થિત બીનાબેન નયનભાઈ શાહ જૈન ઉપાશ્રયમાં યોજાઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માંસની નિકાસને પોત્સાહન આપવાની વાત દેશની આવકને ધ્યાનમાં રાખી એક ઈન્ટરવ્યુમાં કરી હતી, તેને લઈને પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં પૂ. જૈનાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબે જણાવ્યું હતું કે, ભગવાન મહાવીરથી લઈ મહાત્મા ગાંધીજીએ અંહિસા પરમો ધર્મનો મહાન સંદેશ આપ્યો છે અને તેના પાલન અને સમાજમાં આ અંગેની જાગૃતિ માટે અમે સતત પ્રયત્નશીલ છીએ. પરંતુ પાછલા કેટલાક વર્ષોમાં જે પ્રકારે કતલખાના વધી રહ્યા છે અને માંસાહાર તેમ જ માંસની નિકાસની વાતને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે, તે કયાંક દુઃખ પહોંચાડનારી અને આશ્ચર્ય ઉપજાવતી બાબત છે. મોદી સરકારે આ સમગ્ર મુદ્દે ગંભીરતાપૂર્વક પુનઃ વિચાર કરવો જોઈએ. આપણી સંસ્કૃતિ, સિધ્ધાંતો અને માનવતા નેવે મૂકીને વિકાસની રાજનીતિ ના હોઈ શકે. પૂ. જૈનાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં ૭૫મા વર્ષમાં પ્રવેશની અહિંસા અમૃત વર્ષ તરીકે ઉજવણી દરમ્યાન અમદાવાદ સહિત રાજયભરમાં અંહિસા રેલી, શેરી નાટકો, બાળકો માટે નિબંધ અને ચિત્ર સ્પર્ધા, સત્સંગ અને જાગૃતિ કાર્યક્રમો સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાશે. જે દરમ્યાન સમાજમાં અહિંસા, ગર્ભહત્યા(ભ્રુણ હત્યા) અટકાવવા, માંસાહાર ત્યજી શાકાહાર તરફ વાળવા, પશુબલિની પ્રથા નાબૂદ કરવા, આંતકવાદને નાથવા, સમાજમાં શાંતિ અને સહિષ્ણુતાનું વાતાવરણ પ્રસ્થાપિત કરવા સહિતના જાગૃતિ સંદેશ ફેલાવવાનું ઉમદા કાર્ય હાથ ધરાશે. પૂ. જૈનાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબે ઉમેર્યુ કે, તા. ૨૧મી જૂલાઈના રોજ યોજાનારા સંમેલનમાં મુખ્ય મહેમાનપદે ગુજરાત રાજ્યનાં પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી કે લહેરી ઉપસ્થિત રહેશે. આ સંમેલનમાં હૈદરાબાદના પ્રખર અહિંસા પ્રચારક શ્રી શ્રી જસરાજજી શ્રીશ્રીમાલ અને દેશનાં અન્ય ભાગોમાંથી ભક્ત સમુદાય અને શુભેચ્છકો ભાગ લેશે.

# દર્દીઓ પાસે પૈસા વસુલ કરતી ઘણી હોસ્પિટલની સામે પગલા

રાજ્યભરમાં ગરીબ તથા આર્થિક રીતે નબળાં પરિવારોને ગંભીર પ્રકારના રોગોની સારવાર નિઃશુલ્ક મળી રહે તે માટે રાજ્ય સરકારે માં કાર્ડ, માં વાત્સલ્ય યોજના અને કેન્દ્ર સરકારે આયુષ્યમાન કાર્ડ અંતર્ગત તબીબી સેવા-સુશ્રુષા પૂરી પાડવાની સ્તુત્ય યોજના અમલી બનાવી છે. રાજ્યભરમાંથી સંખ્યાબંધ જરૂરિયાતમંદ દર્દીઓએ આ યોજનાનો ભરપૂર લાભ લીધો છે. જો કે સરકાર આ યોજના અંતર્ગત તમામ ગરીબ-આર્થિક રીતે નબળા લોકોની આર્થિક જવાબદારી લેતી હોવા છતાં; કેટલીક ખાનગી હોસ્પિટલો સેવાના આ કાર્યમાં પણ વ્યવસાય કરી લેવાની માનસિકતા ધરાવતી હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં મા કાર્ડ ધારકો પાસેથી પૈસા વસુલતી શહેર-જિલ્લાની હોસ્પિટલો કઈ અને છેલ્લા બે વર્ષમાં તારીખ:૩૧.૦૫.૨૦૧૯ની સ્થિતએ સરકારે તેમની સામે શા પગલાં લીધા તે મતલબના અમદાવાદના જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પૂછેલા એક પ્રશ્નના લેખીત જવાબમાં નાયબ મુખ્યમંત્રી (આરોગ્ય) નીતિન પટેલે જણાવ્યું હતું કે; તારીખ: ૩૧.૦૫.૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદની ક્રિષ્ના શૅલ્બી હોસ્પિટલ, બોડી લાઈન હોસ્પિટલ, સૅવિયર હોસ્પિટલ, શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ, શૅલ્બી હોસ્પિટલ (નરોડા), સ્ટાર હોસ્પિટલ, નારાયણ હિધ્યાલયા હોસ્પિટલ, જીસીએસ મેડિકલ કોલેજ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, આનંદ સર્જિકલ હોસ્પિટલ, ગ્લોબલ હોસ્પિટલ, એચસીજી મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ (મીઠાખળી), લાઈફકેર ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર, શિવાલિક હોસ્પિટલ, સ્ટર્લિંગ હોસ્પિટલ, સંજીવની હોસ્પિટલ અને સાલ હોસ્પિટલ દ્વારા માં કાર્ડ હોવા છતાં દર્દીઓ પાસેથી પૈસા વસુલ્યા હતાં. આ પ્રકારની સ્થિતિને અટકાવવા અને 'માં કાર્ડ' હોય તેવા દર્દીઓ પાસેથી પૈસા ન વસુલાય તે માટે આ તમામ ૧૭ મોટી હોસ્પિટલોને બરતરફ કરવાના પગલાં લીધાં છે.



## શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરામાં ગૌરીવ્રતની ઉજવણી

શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરામાં ગૌરીવ્રતની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કે.જી. ૧-૨ અને ધોરણ ૧થી ૧૦ની ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની બાલિકાઓ એ ભાગ લીધો હતો. આ બાલિકાઓ ધ્વારા ગૌરીપૂજા કરવામાં આવી અને ત્યારબાદ શાળાપરિવાર તરફથી ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું. આ વ્રત નિમિતે બાલિકાઓને ઉપવાસ હોવાથી શાળાના તમામ વિદ્યાર્થીઓ ચીક્કીનો પ્રસાદ પણ આપવામાં આવ્યો હતો. શાળાના મેનેજમેન્ટ કમિટી દ્વારા શાળાના આચાર્ય જીજ્ઞેશભાઈ પટેલ અને સ્ટાફ પરિવારને આવી પ્રવૃત્તિ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## અંતિમ અંક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુરુવારના દિવસે વિશ્વાસમત પરીક્ષણ વગર સ્પીકર રમેશકુમારે વિધાનસભાની કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી. આનો વિરોધ કરીને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોએ ધરણા પ્રદર્શન કરવાની જાહેરાત કરી હતી. ભાજપના ધારાસભ્યોએ માંગ કરી હતી કે, સ્પીકર રાજ્યપાલના પત્રનો જવાબ આપે અને વિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન કરાવે. માંગ ન માનવાની સ્થિતિમાં ધારાસભ્યોએ રાત્રે વિધાનસભા સંકુલમાં ધરણા પર બેસવાની જાહેરાત કરી હતી. રાતભર ધરણાનો દોર ચાલ્યો હતો. રાજ્યના મુખ્યમંત્રી કુમારસ્વામીએ ગઈકાલે ગૃહમાં વિશ્વાસમત પરીક્ષણ માટે તારીખ નક્કી કરી હતી. ગુરુવારે સવારે વિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચે જોરદાર ચર્ચા થઈ હતી. સુપ્રીમ કોર્ટમાં અનેક મામલા પહોંચી ગયા છે. કોંગ્રેસ અને જેડીએસના સભ્યોએ કાર્યવાહીને સ્થગિત કરવાની માંગ કરી હતી જે છેલ્લે સ્વીકારી લેવામાં આવી હતી. બહુમત સાબિત કરવા માટે ગવર્નર દ્વારા લખવામાં આવેલા પત્રની સામે કર્ણાટકના મુખ્યમંત્રી કુમારસ્વામીએ સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી દીધી છે.

## પ્રતિક્ષા યાદી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી રહ્ય છે. સે- ૬ માં પણ નવા આવાસો બાંધવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. શહેરમાં વિવિધ કક્ષાના નવા આવાસો બનાવવામાં આવી રહ્યા છે. જુના અને કંગાળ આવાસો તોડીને કોર્પોરેટ લુક ધરાવતા સુવિધાયુક્ત આવાસોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. નવી સરકારી ટાવર કોલોનીમાં સઘળી વ્યવસ્થા પણ મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. પરંતુ જુના આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. માર્ગ મકાન વિભાગ હસ્તક રહેણાંકને લાયક આવાસોની સંખ્યા ઘટતા આવાસો ફાળવવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે.

વિધાનસભાની તારાંકિત પ્રશ્નોત્તરીમાં ગાંધીનગરમાં સરકારી મકાન મેળવવા માટે વર્ગ-૧, ૨ અને વર્ગ-૩ ના કેટલા કર્મચારી અધિકારીઓ પ્રતિક્ષા યાદીમાં છે તે અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં માર્ગ મકાન મંત્રીએ રજુ કરેલા ઉત્તરમાં જણાવાયા મુજબ શહેરમાં હાલની સ્થિતિએ ૨૭૮૩ અધિકારી - કર્મચારીઓ વિવિધ કક્ષાના આવાસ મેળવવા માટે પ્રતિક્ષા યાદીમાં છે. જયારે માર્ગ મકાન વિભાગ હસ્તકના આવાસોની સંખ્યાના પ્રમાણમાં અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી હોવાથી આવાસ પુરા પાડી શકાતા ન હોવાનુ પણ વિભાગના મંત્રીએ પેટા પ્રશ્નના ઉત્તરમાં કબુલ્યુ છે. બીજીતરફ શહેરમાં અધિકારીઓ અને કર્મચારીઓને નવા આવાસ ફાળવી શકાય તે માટે નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.

## વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા તેવા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ જિલ્લામાં વિજ જોડાણ માટેની અંગભુત પેટા યોજના હેઠળ અનુસુચિત જાતિના લાભાર્થીઓને ૭૬૩ વિજ જોડાણ આપવામાં આવ્યા છે. જયારે આ અન્વયે રૂ ૫૮.૫૬ લાખનો ખર્ચ કરાયો છે.

**જિલ્લામાં કાંસની મરામત પાછળ ૨૨.૫૨ લાખનો ખર્ચ કરાયો**

ગાંધીનગર જિલ્લામાં સઈઝ હાજીપુર તેમજ પાનસર,વાવોલ કાંસની મરામત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ જિલ્લામાં કાંસની જાળવણી તેમજ મરામત પાછળ બે વર્ષમાં રૂ ૨૨.૫૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## ઈરાનનું ડ્રોન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્હાઈટ હાઉસમાં રિપોર્ટ્સ સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું છે કે, ઈરાન તરફથી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ પર સબમરીન પર આ પ્રમાણનો હુમલો એક ચોંકાવનારી ઘટના છે. મારી અપીલ છે કે, આ મામલે દરેક દેશ સાથે આવે અને મુસાફરીની આઝાદીને પ્રોત્સાહન આપે. ટ્રમ્પે ખાડીમાં આવેલા બીજા દેશોને પણ સુરક્ષા માટે સાથ આપવા કહ્યું.

પેંટાગનના જણાવ્યા પ્રમાણે, આ ઘટના ગુરુવારે સ્થાનિક સમય પ્રમાણે સવારે ૧૦ વાગે થઈ હતી. યુએસએસ બોક્સર આંતરરાષ્ટ્રીય જળમાર્ગથી ખાડી તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન એક ડ્રોન બોક્સરની નજીક આવી ગયું હતું.